પૂર્વછાયો- સહુ મળી વળી સાંભળો, કહું ત્યાર પછીની વાત ।
મોટા યોગીને માન્યા જેવા, મુનિ આત્માનંદ વિખ્યાત ॥૧॥
આઠ પહોર નવ ઉતરે, જેને સમાધિ સુખરૂપ ।
બ્રહ્મ સંગાથે એકતા, કર્યો નિજ આત્મા અનૂપ ॥૨॥
બહુ કાળ તન રાખવું, વળી તરત તજવું દેહ ।

નિજગુરુ પરતાપથી, આપે થયા સ્વતંત્ર જેહ ॥૩॥
પોતાની કૃપાયે કરી, યોગસિદ્ધિને પામ્યા શિષ્ય ।
તેને સમૂહે વિંટ્યા સ્વામી, આત્માનંદ મુનીશ ॥૪॥

ચોપાઇ- તેને પાસે આવી નિરધાર રે, કર્યો ઉદ્ધવે નમસ્કાર રે ।
અતિ પ્રતાપી પ્રસિદ્ધ જેહ રે, આત્માનંદ મુનિ છે તેહ રે ॥૫॥
તેને નમી ઉદ્ધવ નિરધાર રે, રહ્યા માસ અદ્રિ મોઝાર રે ।
જોઇ આત્માનંદની રીત રે, વર્ણિયે વિચારિયું ચિત્ત રે ॥૬॥
આને સમાધિમાંહિ શ્રીકૃષ્ણ રે, દેતા હશે તે નિશ્ચે દર્શન રે ।
એમ કરી ઉદ્ધવ વિચાર રે, કર્યો કર જોડી નમસ્કાર રે ॥૭॥
કરી પ્રાર્થના બોલ્યા આપ રે, સુણો સ્વામી હરણ સંતાપ રે ।
જેહ સાક્ષાત્કાર શ્રીકૃષ્ણ રે, તેનાં ઇચ્છું છું કરવા દર્શન રે ॥૮॥
તેની સિદ્ધિ સારુ જે સાધન રે, કહો કૃપા કરી મુનિજન રે ।
ત્યારે બોલ્યા શ્રી આત્માનંદ રે, યોગ સાધતાં થાશે આનંદ રે ॥૯॥
હશે ગમતું તમારૂં જેહ રે, થાશે સર્વે સિદ્ધ જાણો તેહ રે ।
એવું સુણી ઉદ્ધવ વચન રે, અતિહર્ષ પામિયા મન રે ॥૧૦॥
વળી જાણીને મોટા યોગીશ રે, યોગ સાધ્યા સારુ થયા શિષ્ય રે ।
કરી વિનંતિ લાગ્યા છે પાય રે, ત્યારે એમ બોલ્યા ગુરુરાય રે ॥૧૧॥
સુણો વાત તમે વર્ણિઇન્દ્ર રે, નામ તમારું શ્રીરામાનંદ રે ।
પછી યોગ જે અંગે સહિત રે, તે શિખવ્યો કરી બહુ પ્રીત રે ॥૧૨॥
સુણી વર્ણી ઉદ્ધવ દયાળ રે, થયા સિદ્ધ પોતે થોડે કાળ રે ।
નિજગુરુસમ બ્રહ્મમાંય રે, પામ્યા એકપણું આત્મામાંય રે ॥૧૩॥
પછી રામાનંદ સ્વામી જેહ રે, દિઠું અખંડ બ્રહ્મતેજ તેહ રે ।
દિશોદિશમાંહિ એકરસ રે, દેખે સમાધીમાં અહોનિશ રે ॥૧૪॥
પણ તે તેજમાં શ્રીકૃષ્ણ રે, તેનું પામ્યા નહિ દરશન રે ।
ત્યારે ન પામ્યા સંતોષપણું રે, થયા ઉદ્ધવ વ્યાકુળ ઘણું રે ॥૧૫॥
પછી ગુરુ આગે જોડી હાથ રે, કહે કરી કૃપા તમે નાથ રે ।
પામ્યો સમાધિનું સિદ્ધપણું રે, દેખું કૈવલ્ય બ્રહ્મતેજ ઘણું રે ॥૧૬॥

તેતો નિરાકાર નિરાધાર રે, મારે અભીષ્ટ કૃષ્ણ સાકાર રે ।
તેને નથી દેખતો હું નાથ રે, તેણે માનુછું મને અનાથ રે ॥૧૭॥
રાધિકાના પતિ જે શ્રીકૃષ્ણ રે, તેતો અદિઠે ઉદ્વેગ મન રે ।
કહે ગુરુ સુણો બ્રહ્મચાર રે, કૃષ્ણ તેજોમય નિરાકાર રે ॥૧૮॥
જેજે આકાર તે માયિક રે, નિરાકાર અખંડ છે એક રે ।
એવી સાંભળી ગુરુની વાણ રે, પામ્યા મૂરછા વર્ણી સુજાણ રે॥૧૯॥
પડ્યા ભૂમિએ થઈ નિરાશ રે, ઘડી બે પછી આવિયો શ્વાસ રે ।
પછી રુદન કર્યું અપાર રે, સુણી શ્રીકૃષ્ણને નિરાકાર રે ॥૨૦॥
કહ્યો શ્રીકૃષ્ણનો આકાર ખોટો રે, આવ્યો તેણે અવગુણ મોટો રે ।
પછી ગુરુને ત્યાગી તે વાર રે, ત્યાંથી ચાલ્યા કરી નિરધાર રે ॥૨૧॥
ગુરુએ વાર્યા પણ ન રહ્યા રે, રામાનુજની ગાદીએ ગયા રે ।
નિરખ્યા શ્રીરંગજીને હુલાશે રે, રહ્યા વિષ્ણુકાંચીમાંહિ વાસે રે ॥૨૨॥
કરે સ્મરણ શ્રીકૃષ્ણતણું રે, વહાલું લાગ્યું ત્યાં વસવું ઘણું રે ।
નાય નિર્મળ જળમાં નિત્યે રે, કરે નિત્યવિધિ પોતે પ્રીત્યે રે ॥૨૩॥
નિરખે શ્રીરંગને ભાવ ભરી રે, કરે પ્રક્રમા મંદિર ફરી રે ।
પોર પાછલો રહે જ્યારે દન રે, સુણે ગીતાભાષ્ય દઈ મન રે ॥૨૪॥
વાંચે શ્રીવૈષ્ણવ નિત્યે વળી રે, થાય મગન ગ્રંથ સાંભળી રે ।
પ્રપન્નામૃત ગ્રંથને પ્રીત્યે રે, સુણે એક ચિત્ત દઈ નિત્યે રે ॥૨૫॥
જેમાં રામાનુજનાં ચરિત્ર રે, અતિ પરમ પાવન પવિત્ર રે ।
સુણ્યું સર્વે તે શ્રવણ દઈ રે, અથઈતિ પર્યંત તે લઈ રે ॥૨૬॥
તેમાં આવી એવી વાત ઘણી રે, મોટપ્ય શ્રી રામાનુજતણિ રે ।
પછી મનમાં કર્યો વિચાર રે, રામાનુજ તો મોટા અપાર રે ॥૨૭॥
વળી છોટા મોટા ગ્રંથ એના રે, સુણ્યા ઉદ્ધવે આદરે તેના રે ।
એમ સદ્ગ્રંથ સાંભળતાં રે, માસ બેઉ ત્યાં વર્ણીને વિત્યા રે ॥૨૮॥
કર્યું મનન સુણી એ ગ્રંથ રે, જાણ્યા રામાનુજ તે સમર્થ રે ।
નિશ્ચે ભક્ત મોટા એ નિદાન રે, એકાંતિક ઇંદિરા સમાન રે ॥૨૯॥
દિવ્ય દેહે રહેતા હશે આંઈ રે, મને જણાય છે મન માંઈ રે ।

એના અનન્ય ભક્ત હશે જેહ રે, તેને દેખતા હશે તેહ રે ॥૩૦॥
વળી શ્રીકૃષ્ણ જે ભગવાન રે, હશે એને વશ એ નિદાન રે ।
એમ નિશ્ચય કરી વર્ણીરાય રે, કર્યો એના દર્શનનો ઉત્સાય રે ॥૩૧॥
એનાં જન્મ ને કર્મ સાંભળી રે, કર્યું ઉદ્ધવે ધ્યાન એનું વળી રે ।
એમ કરતાં સ્વામી ચિંતવન રે, આવ્યો ચૈત્રપંચમીનો દન રે ॥૩૨॥
તે જ દિને સુંદર સવારે રે, થયું સ્વપ્ન અલૌકિક ત્યારે રે ।
તેમાં દીઠા રામાનુજાચાર રે, શોભે સૂરજસમ ઉદાર રે ॥૩૩॥
દીઠા સુણ્યાતા શ્રવણે જેવા રે, મળ્યા એંધાણે એવા ને એવા રે ।
પડી પિછાન લાગ્યા છે પાય રે, આવ્યાં હર્ષનાં આંસુ આંખ્યમાંય રે ॥૩૪॥
કૃષ્ણ દ્રષ્ણની ઈચ્છા છે એને રે, એવું જાણી પછી મળ્યા તેને રે ।
વળતા બેઉ બેઠા એક ઠામ રે, બોલ્યા વર્ણી કરી પ્રણામ રે ॥૩૫॥
બહુ દિને પામ્યો દરશન રે, થયો આજ હું તે ધન્ય ધન્ય રે ।
સુણ્યા જે દિના તમારા ગ્રંથ રે, જાણ્યા તમને મેં સમરથ રે ॥૩૬॥
વળી શ્રીકૃષ્ણ ભક્ત અનન્ય રે, તમે છો મેં જાણ્યું એમ મન રે ।
હશે વશ શ્રીકૃષ્ણ તમારે રે, એમાં નથી સંશય કાંઈ મારે રે ॥૩૭॥
માટે કૃષ્ણ દ્રષ્ણ તર્ત થાય રે, એવું બતાવો સાધન કાંય રે ।
કર્યું સ્તવન વળી વિશેષ રે, સ્વપ્રમાંહી સ્વામી નામી શિશ રે ॥૩૮॥
થયા રાજી રામાનુજાચાર રે, સુણી વર્ણિ વેણ વાધ્યો પ્યાર રે ।
જાણ્યું વર્ણી આ પોતાનો સ્થાપું રે, એને શ્રીવૈષ્ણવી દિક્ષા આપું રે ॥૩૯॥
એમ શ્રીરામાનુજ વિચારી રે, કહ્યા મંત્ર તે બે સુખકારી રે ।
કહ્યું કરજ્યો તમે આનો જાપ રે, મળશે કૃષ્ણ પ્રસન્ન થઈ આપ રે ॥૪૦॥
જપો મંત્ર તમે બડભાગ્ય રે, વળી ધર્મ જ્ઞાન ને વૈરાગ્ય રે ।
તે સહિત શ્રીકૃષ્ણની ભક્તિ રે, કરો નિર્વિઘ્ન મહામતિ રે ॥૪૧॥
નિત્ય નૈમિત્તિક કૃષ્ણ સેવ રે, તેનો સર્વે સમઝાવ્યો ભેવ રે ।
કહી વ્રત ઉત્સવની રીત રે, સુણિ વર્ણિએ દઈ ચિત્ત રે ॥૪૨॥
કર્યા પંચ સંસ્કારે યુક્ત વર્ણિ રે, કહ્યા મંત્ર તે બે મહામણિ રે ।
કરજ્યો શિષ્ય કહેજ્યો મંત્ર તેને રે, ભવપાર ઉતરવા એને રે ॥૪૩॥

રહી શકો તો રહેજ્યો આંહિ રે, નહિ તો વિચરજ્યો ભૂમિમાંહિ રે ।
એમ ઉદ્ધવને વરદાન રે, આપી થયા છે અંતરધાન રે ॥૪૪॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે રામાનંદ સ્વામીને
રામાનુજઆચાર્ય મળ્યા એ નામે સાડત્રિશમું પ્રકરણમ્ ॥૩૭॥